# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો

(University Accredited by NAEAB, ICAR-New Delhi)

## ધોરણ-૧૦ બાદના પોલીટેકનીક (ડીપ્લોમાં) કક્ષાના અભ્યાસક્રમો

| ક્રમ | કોલેજનું નામ | સ્થાપના વર્ષ | પ્રવેશ ક્ષમતા |
|---|---|---|---|
| અભ્યાસક્રમઃ પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર | | | |
| ૧ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ધારી | ૨૦૦૮ | ૪૪ |
| ૨ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, સીદસર (હાલ જૂનાગઢ) | ૨૦૧૮ | ૩૩ |
| ૩ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, હળવદ | ૨૦૧૮ | ૩૩ |
| ૪ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, અમરેલી (માત્ર વિદ્યાર્થીનીઓ માટે) | ૨૦૨૪ | ૩૩ |
| અભ્યાસક્રમઃ પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર | | | |
| ૧ | પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, જૂનાગઢ | ૨૦૦૯ | ૪૪ |
| અભ્યાસક્રમઃ પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ | | | |
| ૧ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ, તરઘડીયા (રાજકોટ) | ૨૦૧૨ | ૪૪ |
| અભ્યાસક્રમઃ પોલીટેકનીક ઈન એગ્રો પ્રોસેસીંગ એન્ડ ફુડ ટેકનોલોજી | | | |
| ૧ | પોલીટેકનીક ઈન એગ્રો પ્રોસેસીંગ, જૂનાગઢ | ૨૦૦૯ | ૪૪ |

### પ્રવેશ લાયકાત

- પોલીટેકનીક (ડીપ્લોમાં) કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અરજદારે ગુજરાત બોર્ડ અથવા રાજયના અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડ (GSEB અથવા CBSE બોર્ડ વગેરે) દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે ગુજરાત રાજયમાં આવેલ શાળામાંથી પાસ કરેલ હોય તો જ પ્રવેશ મળવાપાત્ર થાય છે.
- ધોરણ-૧૦ માં વિદ્યાર્થી ગણિત/સ્ટાન્ડર્ડ ગણિત/બેઝીક ગણિત વિષય સાથે પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને ઉપરોક્ત તમામ કોર્ષમાં પ્રવેશ મળવાપાત્ર છે.
- પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર (કૃષિ ડીપ્લોમાં) અને પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર (બાગાયત ડીપ્લોમાં) કોર્ષમાં ખેડુત પુત્રો/પુત્રીઓને વધારાના ૫% (પાંચ ટકા) ગુણભાર આપવામાં આવે છે.

### ફીનું ધોરણ

- વિદ્યાર્થીઓ માટે વાર્ષિક ફીનું ધોરણ ડીપોઝીટ સાથે રૂા. ૧૮૬૦/- (અંકે રૂપિયા એક હજાર આઠસો સાઈઠ પુરા) છે.
- વિદ્યાર્થીનીઓ માટે વાર્ષિક ફીનું ધોરણ ડીપોઝીટ સાથે રૂા. ૧૩૪૦/- (અંકે રૂપિયા એક હજાર ત્રણસો ચાલીસ પુરા) છે.
- ભારતીય નાગરીકત્વ ધરાવતી વિદ્યાર્થીનીઓ માટે શિક્ષણ તેમજ હોસ્ટેલ ફીમાં સંપૂર્ણ માફી આપવામાં આવે છે.

### સ્કોલરશીપ

- ઉપરોક્ત તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા ૯૦% કરતા વધારે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સરકારશ્રીનાં નિયમો મુજબ સ્કોલરશીપ મળવાપાત્ર છે.

### ઉચ્ચ અભ્યાસ માટે તકો

- ડીપ્લોમાં અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ ડીપ્લોમાંથી ડીગ્રી (ડી-ટુ-ડી) નિયમોનુસાર સંલગ્ન ડીગ્રી કોર્ષના બીજા વર્ષમાં પ્રવેશ મેળવી શકાય છે.

નોંધ : ઉપરોક્ત અભ્યાસક્રમોમાં એડમીશન અંગેની વિગતવાર માહિતી માટે www.jau.in, poly.gsauca.in ની મુલાકાત લેવી.

## નેશનલ લેવલે યુનિવર્સિટીની આગવી ઓળખ

| | | |
|---|---|---|
| ગુજરાત સરકાર દ્વારા પ્રસ્થાપીત તથા ICAR, New Delhi દ્વારા માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી | એજયુકેશન વર્લ્ડના રેન્કીંગમાં દેશ લેવલે સાતમુ તથા ગુજરાતમાં બીજુ સ્થાન પ્રાપ્ત કરતી યુનિવર્સિટી | ગુજરાત સરકાર દ્વારા ૫-સ્ટાર રેટીંગ ધરાવતી યુનિવર્સિટી |
| ૧૪ કરતાં વધારે કોલેજો | ૭ કરતા વધુ દેશમાંથી તથા ૨૨ કરતા વધારે રાજ્યમાંથી અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓ | ૫૦ કરતા વધારે ડીપ્લોમાં, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમો |
| ૩૦૦૦૦ કરતા વધારે એલ્યુમની નેટવર્ક | ૨૮૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ ધરાવતી તેમજ વિદ્યાર્થીઓને વિદેશ ખાતે ટ્રેનિંગની સુવિધા આપતી યુનિવર્સિટી | સ્નાતક કક્ષાની કુલ ક્ષમતાની ૧૦% સીટો પર ડીપ્લોમાં માંથી ડીગ્રીમાં પ્રવેશ આપવામાં આવે છે. |

## યુનિવર્સિટી ખાતે ઉપલબ્ધ વિદ્યાર્થીલક્ષી વિવિધ સુવિધાઓ

- સંપૂર્ણ સુવિધાયુક્ત વિશાળ ગ્રીન કેમ્પસ.
- વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ માટે સંપૂર્ણ સુવિધાયુક્ત અત્યાધુનિક ૨૯ હોસ્ટેલ્સ.
- અદ્યતન સેન્ટ્રલ લાઈબ્રેરી, ડીજીટલ લાઈબ્રેરી, સેન્ટ્રલ એજયુકેશન મ્યુઝીયમ, વિશાળ સેન્ટ્રલ અદ્યતન એકઝામીનેશન હોલ, કોલેજ કક્ષાએ વિવિધ જરૂરી તમામ માળખાકીય સુવિધા.
- વિશાળ સ્પોર્ટસ ગ્રાઉન્ડ, ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, જીમ્નેશીયમ.
- ડીજીટલ કલાસરૂમ, અદ્યતન પ્રયોગશાળાઓ, ઈ.એલ.પી. યુનિટ.
- યુનિવર્સિટી કેન્ટીનની સુવિધા, કલ્ચરલ પ્રોગ્રામ માટે એસી ઓડીટોરીયમની સુવિધા.
- નેશનલ તેમજ ઈન્ટરનેશનલ ટ્રેનિંગની સુવિધા.
- તજજ્ઞો દ્વારા પર્સનાલીટી ડેવલોપમેન્ટ માટેના કલાસો / ટ્રેનીંગની સુવિધા.
- સમગ્ર કેમ્પસ તથા હોસ્ટેલ્સમાં ફ્રી, વાઈફાઈ કનેકટીવીટીની સુવિધા, સ્કોલરશીપ તથા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ભવ્ય રીડીંગ રૂમ, દરેક કોલેજ ખાતે પ્લેસમેન્ટ સેલની સુવિધા, દેશ-વિદેશના વિષય નિષ્ણાંતોનું માર્ગદર્શન.
- ૨૦૦ થી વધારે શૈક્ષણિક/સંશોધન સંસ્થાઓ સાથે જોડાણ.

## કૃષિ યુનિવર્સિટીઓમાંથી બહાર પડતા ડિપ્લોમાધારકો / સ્નાતકો માટે રોજગારીની તકો

- રાજ્ય સરકારના વિભાગો, કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો.
- ખેતીવાડી વિભાગ, બાગાયત વિભાગ.
- પંચાયત સેવા પસંદગી મંડળ અંતર્ગત ગ્રામ સેવક તરીકે, રાજ્ય બીજ નિગમ, ગાર્ડન સુપરવાઈઝર.
- રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો, સહકારી સંસ્થાઓ.
- વિમા કંપનીઓ, ઈફકો, કૃભકો, જીએસએફસી, જીએનએફસી, એન.જી.ઓ., આત્મા પ્રોજેકટ, જી.જી.આર.સી. વગેરે, પેસ્ટીસાઈડ કંપનીઓ, ફર્ટીલાઈઝર કંપનીઓ, સીડ કંપનીઓ.
- માઈક્રોઈરીગેશનના સાધનો બનાવતી કંપનીઓ, ફૂડ પ્રોસેસીંગ અને ફૂડ એક્ષપોર્ટ કરતી કંપનીઓ.
- લેન્ડસ્કેપ એન્ડ ગાર્ડનીંગ સેકટર, એગ્રી કલીનીક, એગ્રી બીઝનેસ સેન્ટર, એગ્રો સર્વીસ સેન્ટર વગેરે.

## કૃષિ ઈજનેરી તથા એગ્રો પ્રોસેસીંગ ડીપ્લોમાં ધારકો માટે રોજગારીની તકો

- રાજ્ય સરકારના વિભાગો, કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો.
- ખાનગી બેંકો, સહકારી સંસ્થાઓ, વિમા કંપનીઓ.
- એન.જી.ઓ., આત્મા પ્રોજેકટ, જી.જી.આર.સી. વગેરે.
- માઈક્રોઈરીગેશનના સાધનો બનાવતી કંપનીઓ.
- ટ્રેકટર તથા તેને સંલગ્ન સાધનો (ખેત ઓજારો) બનાવતી વિવિધ કંપનીઓ.
- ફૂડ પ્રોસેસીંગ અને ફૂડ એક્ષપોર્ટ કરતી કંપનીઓ.
- સૌર ઉર્જા આધારીત સાધનો બનાવતી કંપનીઓ વગેરે.